## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



રૂપસિંહ કરશનભાઈ મકવાણા (૧૯૪૦) ફોન. ૨૩૨ ૨૬૭૩૯

# અમીરગઢ, ખેડબ્રહ્મામાં ૧૧ અને દાંતામાં ૧૦ ઇંચ વરસાદ

## રાજ્યના ૧૦૩ તાલુકામાં મેઘરાજા મન મૂકીને વરસ્યા : વિજયનગરમાં ૮ ઇંચ, પારડીમાં ૭ ઇંચ વરસાદ : પાટણ અને ભાવનગરમાં બે મકાનો ધરાશાયી

અમદાવાદ, તા.૧૧

પવિત્ર શ્રાવણ મહિનાના આગમનને હવે એક અઠવાડિયાનો જ સમય બાકી રહ્યો છે ત્યારે સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલ બરાબરનો જામ્યો છે. ગઈરાત્રે રાજ્યના ૧૦૩ તાલુકાઓમાં મેઘરાજા મનમૂકીને વરસ્યા હતા. જેમાં બનાસકાંઠાના અમીરગઢ તાલુકામાં ૧૧ ઈંચથી વધુ, દાંતામાં ૧૦ ઈંચ, સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં ૧૧ ઈંચ, ઈડરમાં ૯ ઈંચ, વિજયનગરમાં આઠ ઈંચ અને વલસાડ જિલ્લાના પારડીમાં ૭ ઈંચ વરસાદ પડ્યો હતો.

આ ઉપરાંત ભીલોડા તાલુકામાં ૬ ઈંચ, બોરસદમાં પોણા ૬ ઈંચ, પાલનપુરમાં સાડા પાંચ ઈંચ, સતલાસણામાં સાડા પાંચ ઈંચ, વડગામમાં પાંચ ઈંચ, મેઘરજમાં પાંચ ઈંચ, વડાલીમાં પોણા પાંચ ઈંચ, ખંભાતમાં પોણા પાંચ ઈંચ, દાહોદમાં પાંચ ઈંચ, હિંમતનગરમાં સાડા ચાર ઈંચ, માલપુરમાં પોણા પાંચ ઈંચ અને ધનસુરામાં ચાર ઈંચ વરસાદ પડ્યો હતો. તેમજ ડીસામાં ત્રણ ઈંચ, બેચરાજીમાં ત્રણ ઈંચ, વિજાપુર અને મોડાસામાં ચાર ઈંચ, કડાણામાં ચાર ઈંચ, કાલોલમાં ત્રણ ઈંચ, વાલોડમાં ચાર ઈંચ, સિદ્ધપુરમાં ત્રણ ઈંચ, ધાનેરામાં અઢી ઈંચ, ખેરાળુ અને વડનગરમાં પણ અઢી ઈંચ, વિસનગરમાં બે ઈંચ, તલોદમાં સવા બે ઈંચ, કલોલમાં અઢી ઈંચ, બાલાસિનોરમાં બે ઈંચથી વધુ, કઠલાલમાં બે ઈંચ, વિરપુરમાં અઢી ઈંચ, લુણાવાડામાં સવા બે ઈંચ, સંતરામપુરમાં સવા બે ઈંચ, તથા દેવગઢબારિયા, વ્યારા અને કામરેજમાં બે ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. આ ઉપરાંત ૩૪ તાલુકામાં એક ઈંચથી વધુ અને ૨૭ તાલુકામાં અડધો ઈંચ કરતાં વધુ વરસાદ પડ્યો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે વરસાદને કારણે ઉત્તર ગુજરાતના પાટણમાં એક મકાન ધરાશાયી થતાં બે વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી. તેમજ ભાવનગરમાં ગઈરાત્રે ધોધમાર વરસાદને કારણે વોરા શેરીમાં પીપળેશ્વર મંદિર પાસે આવેલું એક ત્રણ માળનું જૂનવાણી મકાન ધરાશાયી થયું હતું. મકાન માલિક રજનીભાઈ સુખડિયા સામાજિક કામે પરિવાર સાથે બહારગામ ગયા હોવાથી તમામ પરિવારના સભ્યો બચી ગયા હતા. કોઈ જાનહાનિ થઈ નથી.

રાજ્યમાં ઉત્તર-મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા મન મૂકીને વરસ્યા છે. સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજ્યમાં આજે દિવસ દરમિયાન વરસાદના ઝાપટાં પડ્યા હતા. આજે દિવસ દરમિયાન અમદાવાદના સાણંદમાં સવા ઈંચ, મોરબીમાં દોઢ ઈંચ, વાંકાનેરમાં સવા ઈંચ, નવસારીના ચીખલીમાં એક ઈંચ અને વલસાડમાં દોઢ ઈંચ વરસાદ પડ્યો છે.

આ ઉપરાંત સમી સાંજ બાદ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડી રહ્યો હોવાના વાવડ મળ્યા છે. રાજ્યમાં વરસાદને લીધે ખેડૂતો ગેલમાં આવી ગયા હતા. ઘણા બધા વિસ્તારોમાં ખેડૂતોએ વાવણીનું કાર્ય પૂર્ણ કરી દીધું હતું. તેથી આ વરસાદને કારણે ખેડૂતોને ફાયદો થશે. જે વિસ્તારોમાં વાવણીનું કાર્ય શરૂ નથી થયું તે વિસ્તારોમાં ઉઘાડ નીકળ્યા બાદ ખેડૂતો વાવણીનું કાર્ય આરંભશે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી ઉકળાટ અનુભવાઈ રહ્યો છે. હવામાન વિભાગે ૨૪ કલાકમાં ભારે વરસાદ પડવાની આગાહી કરી છે.

### જૈન સોશ્યલ ગૃપ દ્વારા ૧૫મીએ રક્તદાન શિબિર યોજાશે

જૈન સોશ્યલ ગૃપ, ગાંધીનગરના મંત્રી શોધનભાઈ ગાંધીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા તા. ૧૫મી જુલાઈ-૨૦૧૨ને રવિવારે સવારે ૯.૩૦થી ૧૧.૩૦ કલાક દરમિયાન ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે દર્દીઓની સહાય માટે રક્તદાન શિબિર યોજાશે. રક્તદાન શિબિરમાં નગરના સૌ રક્તદાતાઓને ખાસ નિમંત્રણ આપવામાં આવ્યું છે. શિબિરમાં એકત્ર કરેલું રક્ત કેન્સર હોસ્પિટલના દર્દીઓના ઉપયોગ માટે વપરાશે.

### અડાલજમાં સગર્ભા મેળો યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુઘડના સબ સેન્ટર અડાલજ ખાતે તાજેતરમાં સગર્ભા મેળો યોજવામાં આવ્યો હતો. જેમાં ૭૨ સગર્ભા બહેનોની ગાયનેકોલોજીસ્ટ દ્વારા તપાસ કરવામાં આવી હતી. અડાલજ ખાતે યોજાયેલા સગર્ભા બહેનોના મેળામાં ગાયનેકોલોજીસ્ટ દ્વારા દરેક સગર્ભા બહેનનું એચ.બી., બી.પી., વજન, બ્લડ સુગર, એચ.આઈ.વી. આપવામાં આવ્યું હતું. દરેક પ્રકારની તપાસ કરી પૌષ્ટિક ભોજન આપવામાં આવ્યું હતું. દાતાઓ દ્વારા મળેલા દાનને સૌએ આવકારી આભાર વ્યક્ત કર્યો હતો.

### ગાંધી મિત્ર વર્તુળની સ્વ. ઈશ્વરભાઈને શ્રદ્ધાંજલિ

સમયપાલક, માણસ પ્રેમી, સાધુ પુરુષ ઋષિ અને સાચા અર્થમાં સર્વોદય પ્રવૃત્તિને વેગ આપનાર ઈશ્વરભાઈનાં સ્વર્ગવાસથી સગા સ્નેહી અને ગાંધી મિત્ર વર્તુળ તથા નગરનોએ મોટા આઘાતની લાગણી અનુભવી છે અને તેમને સહ્દય શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. કર્મશીલ અને ઓછુ બોલી વધુ કામ કરનારા ઈશ્વરભાઈ ૮૧ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા છે. ઈશ્વરભાઈ માણસ પ્રેમી હતા. મીઠી વાણીથી પારકાને પોતાના કરી લેવાની તેમની આવડત શીખવા જેવી છે. એ સાચા અર્થમાં ગાંધી મિત્ર હતા.



સૂચિત બીલ સામેના વિરોધમાં વકીલો બે દિવસની હડતાળ ઉપર ઉતરી ગયા છે. વકીલોએ બુધવારના દિવસે સૂચિત બીલની હોળી કરી હતી.

# વકિલોની હડતાળ : કલેક્ટરને આજે આવેદનપત્ર પણ અપાશે

અમદાવાદ, તા.૧૧

કેન્દ્રના સૂચિત બિલ સામેના વિરોધમાં વકીલોની બે દિવસની હડતાળના પ્રથમ દિવસે આજે જ્યુડિશિયલ પ્રક્રિયાને માઠી અસર થઈ હતી. માત્ર ગુજરાતમાં જ નહીં બલ્કે દેશભરમાં લાખો વકીલો આજે હડતાળ ઉપર ઉતરી ગયા હતા. આવતીકાલે પણ ગુજરાતના વકીલો આક્રોશ વ્યક્ત કરશે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન દિલીપ કે. પટેલ અને વાઈસ ચેરમેન દિપેન કે. દવે એક સંયુક્ત નિવેદનમાં જણાવે છે કે કેન્દ્ર સરકાર દ્વારા રજુ થનારું ઉચ્ચતર શિક્ષણ અને સંશોધન વિધેયક ૨૦૧૧નો વિરોધ પ્રદર્શિત કરવા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ આપેલ એલાનના સમર્થનમાં સમગ્ર ગુજરાતના વકીલો કામકાજથી અળગા રહી આ સૂચિત બીલના વિરોધમાં આક્રોશ વ્યક્ત કરવા તાલુકા અને જિલ્લા કોર્ટના દરવાજે ઉભા રહી સતત સૂત્રોચ્ચાર અને સૂચિત બીલની હોળી કરી હતી. ગુજરાતભરના વકીલોનો આ આક્રોશ આવતીકાલે પણ કામકાજથી અળગા રહી વ્યક્ત થશે અને તમામ જિલ્લા કલેક્ટરોને સૂચિત બિલના વિરોધમાં આવેદનપત્ર સુપરત કરવામાં આવશે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની લડત સમિતિના પશ્ચિમ ઝોનના કો-કન્વીનરો જે. જે. પટેલ અને અનિલ સી. કેલ્લાએ એક સંયુક્ત નિવેદનમાં જણાવે છે કે જુલાઈમાં શરૂ થનાર લોકસભાના સત્રના પ્રથમ દિવસે દેશભરના વકીલો મોટી સંખ્યામાં જંતર મંતર, નવી દિલ્હી ખાતે એકત્રિત થશે અને ત્યાંથી કૂચ કરી સંસદને ઘેરાવ કરશે. બન્ને કો-કન્વીનરો ગુજરાતભરના વકીલોનો આભાર માને છે. પટેલ અને કેલ્લા વધુમાં જણાવે છે કે વિશ્વનો કોઈપણ દેશ કેટલો શક્તિશાળી છે તે માપવાની સાચી પારાશીશી તે દેશનું ન્યાયતંત્ર કેટલું સબળ અને મજબૂત છે તેના પર નિર્ભર કરે છે. ભારતના ન્યાયતંત્ર પર પ્રજાને અખૂટ શ્રદ્ધા અને વિશ્વાસ છે. કેન્દ્ર સરકારના સૂચિત બીલના કારણે દેશની અદાલતો પર વિદેશી તાકાતોની અસર ઉભી થશે. જે દેશના વકીલો અને પ્રજાને કોઈપણ સંજોગોમાં માન્ય નહીં હોય. દેશભરના વકીલો આ સૂચિત બિલને કોઈપણ સંજોગોમાં પસાર નહીં થવા દેવા કટિબદ્ધ છે.

### જાપાનની મિત્સુબીશી કંપની ગુજરાતના ચાર પ્રોજેક્ટમાં વધુ મૂડીરોકાણ કરશે

ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આજે જાપાનની મિત્સુબીસી કોર્પોરેશન (ઈન્ડિયા)ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી કેઈચી નાકાગાકીએ સૌજન્ય મૂલાકાત લીધી હતી અને ગુજરાતમાં તેમના વિવિધ પ્રોજેક્ટમાં વિશેષ મૂડીરોકાણ કરવાની તત્પરતા વ્યકત કરી હતી.

મિત્સુબીસી કોર્પોરેશન દહેજમાં ઝુઆરી ગ્રુપની સહભાગીતામાં ફર્ટીલાઈઝર્સ કોમ્પ્લેક્ષ, મેટલ વન ઈન્ડિયા સાથેની ભાગીદારીમાં ઓટો ઈન્ડસ્ટ્રીઝના ઉપયોગ સ્ટીલ મેન્યુફેકચરીંગ યુનિટ, સાણંદમાં એલ્યુમિનિયમ એકસ્કુઝન પ્લાન્ટ અને સાણંદમાં અતિ આધુનિક એફલુઅન્ટ ટ્રીટમેન્ટ એન્ડ વોટર રિસાઈકલીંગ પ્લાન્ટ અને અલંગમાં એન્વાયર્નમેન્ટ શિપ રીસાઈકનીંગ પ્લાન્ટમાં મૂડીરોકાણની ભૂમિકા આપી હતી. આ બેઠકમાં ઉદ્યોગ અગ્ર સચિવશ્રી એમ. શાહુ, અને મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી એ. કે. શર્મા ઉપસ્થિત હતા.

### ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના ચેરમેનની બિનહરીફ વરણી

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજ્યની ૫૨૦૦ જેટલી કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઓનું પ્રતિનિધિત્વ કરતી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનની તાજેતરમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠક યોજાઈ હતી. જેમાં ફેડરેશનના ચેરમેન તરીકે ઘનશ્યામભાઈ અમીન સતત ચોથી વખત બિનહરીફ ચૂંટાયા છે.

ઘનશ્યામભાઈ અમીન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થાઓમાં વિવિધ હોદ્દા ઉપર સેવા આપી રહ્યા છે. ફેડરેશન દ્વારા ક્રેડિટ સોસાયટીઓને મુઝવતાં પ્રશ્નોનું નિરાકણ કરી સોસાયટીઓ દ્વારા માઈક્રો ફાઈનાન્સ કરાવી સમાજના મધ્યમ અને નાના વર્ગના લોકોના આર્થિક ઉપાર્જનમાં મહત્વની ભૂમિકા અદા કરે છે.

### ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડા તાલુકામાં વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના ભીલોડા તાલુકામાં પહેલા વરસાદ પડ્યા પછી સમિતિએ દર વર્ષની માફક રોપા લગાવવાનો નિર્ણય કર્યો. ગજાનન સેવા સમિતિના રાકેશભાઈ, મુકેશભાઈ, અમરતભાઈ, દાનાભાઈ ઠાકોર, લાલજી વણઝારા, વિલેશ, મિલિન્દ્ર ગુપ્તે અને ૧૬ કાર્યકર્તા ભેટાલી પ્રાથમિક શાળા ૪૫૦, જશવંતપુરા ૬૧૦, આશ્રમ શાળાઓમાં ૩૫૦, અણસોલ-૧ ૪૦૦, અણસોલ-૨ ૩૦૦ રોપાઓ લગાવ્યા હતા. વડ, પીપળો, બીલી, લીમડો, ગુલમોર, સરગવો, નીલગીરી, તુલસી, જાસુદ વગેરે છોડ લગાવ્યા હતા. પ્રત્યેક નિશાળના બાળકો તથા શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી. ગજાનન સેવા સમિતિના પ્રમુખ મિલિંદ ગુપ્તે જણાવેલ હતું.

## શબ્દાવલી - ૪૭૮૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | ૫ | ૬ |
| | ■ | ૭ | ૮ | ■ | ૯ | | |
| | ■ | ૧૦ | | ૧૧ | | ■ | |
| ૧૨ | ૧૩ | | ■ | | ■ | ૧૪ | |
| ■ | | ■ | ૧૫ | | ૧૬ | ■ | |
| ૧૭ | | ૧૮ | ■ | ■ | | ■ | |
| | ■ | ૧૯ | | | | ૨૦ | ■ |
| ૨૧ | | | ■ | ■ | ૨૨ | | |

**આડી ચાવી**

૧. ક્રમમાં આગળ રાખવું, ... આપવી (૩)
૩. સંચાલન કરનાર (૪)
૭. પ્રવાહી, ફળોનો... (૨)
૯. પેન્સિલનું લખાણ... થી ભૂંસાય (૩)
૧૦. વગોવવું, ... કરવી (૪)
૧૨. નાકે પહેરાય, નથ (૩)
૧૫. ... મારવી, બૂમ પાડવી (૨)
૧૭. જુદુ, અલગ (૩)
૧૯. ... થવો, ઝગારા, તેજ મારવું (૫)
૨૧. કુલ, સમગ્ર (૩)
૨૨. નવું..., સાવ નવું (૩)

**ઊભી ચાવી**

૧. ઉપવાસ (૪)
૨. તારવીને કાઢવું, ... કરવી (૪)
૪. લોટ ચાળવા વપરાય (૩)
૫. હોઠ, ઓષ્ઠ (૨)
૬. કભી તો પલભર સોચલે પ્રાણી કયાં હૈ તેરી... (૬)
૮. સંબંધી, સાચો... પાડોશી (૨)
૧૧. પાણીમાં પથ્થર નાખવાથી થાય (૩)
૧૩. ઝાપટ, લાફો (૩)
૧૬. ... ગાવા, ગુણોનું વર્ણન (૪)
૧૭. ... રાખવો, બીક બતાવવી (૩)
૧૮. પેટ્રોલ... ના ભાવ બહુ થઈ ગયા છે (૩)
૨૦. મુંડન કરાવેલો (૨)

### શબ્દાવલી ૪૭૮૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) બાલીશ (૪) ઐરાવત (૮) કપરા (૯) વડીલ (૧૦) બનાવટી (૧૩) જર્શી (૧૪) ઉત્તરાયણ (૧૬) પરાયણ (૧૭) હૂનર (૧૯) રાગ (૨૦) બલા (૨૧) દાસ (૨૨) ખાલી (૨૩) મરમ

**ઊભી ચાવી :-** (૧) બાકસ (૨) લીપ (૩) શરાબ (૫) રાવટી (૬) વડી (૭) તલસ્પર્શી (૧૧) નારાયણબલિ (૧૨) વિતરાગ (૧૩) જમીનદાર (૧૪) ઉપરાણુ (૧૫) રાય (૧૮) રસમ

### નિસર્ગ સેન્ટર દ્વારા જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં બાલ ઊર્જા રક્ષક દળની નોંધણી

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી જેડા દ્વારા તાજેતરમાં જ ગાંધીનગર જિલ્લાની ૨૦૦ માધ્યમિક તેમજ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમ કરવાની નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરને મંજૂરી મળી છે. ગાંધીનગર જિલ્લાની ૧૦૦ જેટલી માધ્યમિક શાળાઓનો નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેટર દ્વારા છેલ્લા સાત વર્ષથી સફળતાપૂર્વક કાર્યક્રમ ચાલી રહ્યો છે. જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં બાલ ઊર્જા રક્ષક દળની નોંધણી ચાલી રહી છે.

ગુજરાત રાજયની માધ્યમિક શાળાઓમાં ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી દ્વારા બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે. વિદ્યાર્થીઓ નાનપણથી જ ઊર્જાના મહત્વને સમજે તથા તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરતા શીખે તથા તેમનામાં ઊર્જા સંરક્ષણ સભાનતા વિકસે તે હેતુથી આ કાર્યક્રમ છેલ્લા સાત વર્ષથી સફળતા પૂર્વક ચાલી રહ્યો છે. ગાંધીનગર જિલ્લાની ૧૦૦ જેટલી માધ્યમિક શાળાઓમાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા છેલ્લા સાત વર્ષથી સફળતા પૂર્વક કાર્યક્રમ ચાલી રહ્યો છે. આ વર્ષે ગાંધીનગર જિલ્લાની ૨૦૦ માધ્યમિક તેમજ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં બાલ ઊર્જારક્ષક દળ કાર્યક્રમ કરવા માટે ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) દ્વારા મંજુરી મળી છે.

બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમમાં જોડાવા માટે www.burd.org.in પર ઓનલાઈન નોંધણી કરવાની હોય છે. અત્યારે ધોરણ-૮નો સમાવેશ ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં થયેલો હોવાથી આ શાળાએ પણ ચાલુ વર્ષથી બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમ માટે માન્ય ગણાશે. ગાંધીનગર જિલ્લાની જે પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮નો વર્ગ શરૂ થયો છે તેવી શાળાઓ આ કાર્યક્રમમાં જોડાઈ શકે છે. આ શાળાઓને ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી તરફથી સમગ્ર વર્ષ દરમિયાન ઉર્જા બચતના કાર્યક્રમ કરવા માટે ૨૫૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે.

## સમાચાર ઝલક

- ગુજરાતમાં મેઘરાજાની પધરામણી - દાંતા, અમીરગઢ, ખેડબ્રહ્મા, ઇડરમાં ૧૦ ઇંચથી વધુ વરસાદ, ધરમપુરમાં સાંબેલાધાર વરસાદ.
- દરેક જિલ્લા મથકે કીડની ડાયાલીસીસ મથકની સુવિધા કરાશે.
- આંખની ઇજા થતાં બાઉચરની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ.
- તિરૂપતિ! અજાણ્યા ભક્તે ૨૨ કિલો સોનાની પાદુકા ચઢાવી.
- ૧૯૮૭ માં ઉત્તરપ્રદેશના હાશિમપુરામાં ૪૦ લોકોની હત્યાના મામલામાં ગૃહમંત્રી પી. ચિદમ્બરમ પર કેસ ચલાવવા કોર્ટની મંજુરી મેળવતાં સુબ્રમણ્યમ સ્વામી.
- રિઝર્વ બેંક ટૂંક સમયમાં પ્લાસ્ટિકની નોટો કાઢશે.
- લોકસભાની ચૂંટણી વહેલી યોજાશે : શ્રી મુલાયમસિંહ.
- ગ્લોબલ ફાર્મા કંપનીઓની નજર ગુજરાત ભણી : જંગી રોકાણની તૈયારી.
- રેલ્વે તત્કાળ ટિકિટના નવા નિયમનો અમલ શરૂ, સવારે ૧૦ થી ૧૨ વચ્ચે મળશે.
- ગુજરાતભરમાં સૌ પ્રથમ રાજકોટ હેડ પોસ્ટ ઓફિસમાં દેશ-વિદેશ સ્પીડ પોસ્ટ પાર્સલ સેવાનો પ્રારંભ.
- પટેલ સમાજનાં બે અગ્રણીઓની આજે જન્મ તારીખ છે. ખોડલધામના પ્રણેતા નરેશભાઇ પટેલ, પંચાયત મંત્રી નરોત્તમ પટેલ.
- કેતન પારેખને શેરબજારને ફરી ધ્રૂજાવ્યું, મહાકૌભાંડની સંભાવના.
- આગામી વિધાનસભાની ચૂંટણીમાં ટેકનોલોજીની કમાલ દીપી ઉઠશે, મોદી એક સાથે અનેક ચૂંટણી સભાઓ ગજવશે.
- સેલ નો ખેલ! બજારોમાં કાગડા ઉડતાં ‘સેલ’ ના પાટીયા વહેલા લાગ્યાં.
- હીરા ઉદ્યોગમાં ભયંકર મંદી સૌરાષ્ટ્ર અને સૂરતમાં ૩૦,૦૦૦ થી વધુ કારીગરો બેકાર.
- મિશન મંગલમ્ યોજનામાં લાભાર્થીઓને લોનનાં વ્યાજમાં પાંચ ટકા સબસીડી અપાશે.
- એન્જિનિયરિંગ અભ્યાસ કરતાં વિદ્યાર્થીનાં માબાપ-વાલીની વાર્ષિક આવક સાડા ચાર લાખ રૂપિયા સુધીની હોય તો ફીમાં મુક્તિ મળશે.

### ગાંધીનગર ભારતીય જનતા પાર્ટી વોર્ડ નં. ૧૧ મહિલા મોરચાની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર ભારતીય જનતા પાર્ટી વોર્ડ નં. ૧૧ મહિલા મોરચાની ગત રોજ સામાન્ય સભા અને ટીફીન બેઠક યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગર શહેર મહિલા મોરચાના પ્રમુખ ભારતીબેન શુક્લએ યોગ્ય નેતૃત્વ સંભાળી જરૂરી માર્ગદર્શન અને ટીફીનની લિજ્જત માણી હતી.

શહેર મહિલા મોરચાના પ્રમુખ ભારતીબેન શુકલના નેતૃત્વ હેઠળ યોજાયેલી વોર્ડ નં. ૧૧ના મહિલા મોરચાની બેઠકમાં વોર્ડ નં. ૧૧ ના મહિલા મોરચાના પ્રમુખ રેખાબેન નિમાવતે ટીફીન બેઠકનું તથા સામાન્ય સભાનું સુંદર આયોજન કર્યુ હતું. આ પ્રસંગે મહિલા મોરચાના સભ્યો ઝરણાબેન પંચાલ, લક્ષ્મીબેન વાણીયા, ચંપાબેન વાઘેલા, હેમાબેન સોની, ગીતાબેન વાળંદ, લક્ષ્મીબેન મેણાત, શાંતાબેન વસાત, અલકાબેન પટેલ તથા પક્ષના હોદ્દેદારો અને પદાધિકારીઓ ખાસ હાજર રહ્યા હતા. આગામી સમયમાં યોજાનાર ચૂંટણી સંદર્ભે જરૂરી આયોજન કરવામાં આવ્યું હતું.

### કાર્ડ ઝડપથી આપો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થગિત થઈ જવા પામ્યું છે. તેમજ આ બાબતે પૃચ્છા માટે આવતા અરજદારને જવાબો પણ તોછડાઈભર્યા આપવામાં આવી રહ્યા છે. નવા કાર્ડનું વિતરણ ક્યારથી થશે તેની વિગતો પ્રજાને તાકીદે આપવા આ આવેદનપત્રમાં જણાવ્યું છે.

ગ્રાહક ભંડારોમાં કેરોસીન તેમજ બી.પી.એલ. પરિવારોને સમયસર અનાજ નહિ મળતુ હોવાનું તેમજ આ પરિવારો સાથે છેતરપીંડી ગ્રાહક ભંડારોમાં થતી હોવાની રજુઆત કરવામાં આવી છે.

નવા કાર્ડની વિતરણ વ્યવસ્થા સુચારૂ રીતે ગોઠવવા માટે પણ આ આવેદન-પત્રમાં રજુઆત કરવામાં આવી છે.

### ચૂંટણી લડાવશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપરાંત કેશુભાઈ પટેલની પાર્ટી ઝૂકાવશે. એવું કહેવાય છે કે કેશુભાઈ પટેલે દક્ષિણ અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં વધારે ધ્યાન કેન્દ્રીત કર્યું છે. કનુભાઈ કલસરિયા અને પુરુષોત્તમ સોલંકી જો તેમની સાથે જોડાશે તો વિધાનસભામાં તેમની તાકાત વધી શકે છે.

એક સિનિયર નેતાએ કહ્યું હતું કે ૨૦૧૨માં કેશુભાઈ, સુરેશ મહેતા, કાશીરામ રાણા, કે.ડી.જેસ્વાણી, એ.કે.પટેલ અને ગોરધન ઝડફિયાએ ચૂંટણી લડવી જોઈએ.

### બ્રિડીંગ મળી આવ્યા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

શહેરના આંતરિક માર્ગો પર દોડતી બસોમાં સૂત્રો મૂકયા બાદ હવે જાહેર માર્ગો પર ‘આવો મચ્છરોનો આજે જ સફાયો કરીએ’ તેવી જાહેરાતના મોટા મોટા હોર્ડિંગ્સ પણ લગાવ્યા છે.

ગાંધીનગર શહેર ટ્રાન્સીટ પોઈંટ તરીકે વધારે વિકસ્યું છે અને જે રીતે હાલ શહેરમાં બાંધકામ પ્રવૃત્તિ ચાલી રહી છે તેને કારણે મેલેરિયાના કેસોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત ચોમાસુ લંબાતા ભેજવાળા વાતાવરણમાં મેલેરિયાના મચ્છરો વધુ ઉત્પન્ન થતા હોવાનું પણ તારણ બહાર આવવા પામ્યું છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જે ચાર શાળાઓમાંથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા છે તે બધી જ શાળાઓ જુના સેકટરોમાં આવેલી છે. જુના સેકટરોમાં સફાઈ પુરતી નહિ થતી હોવાની તેમજ પાણી ભરાઈ જવાની ફરિયાદો આ સેકટરોમાં વ્યાપક છે.